ઉત્તર બુનિયાદી શાળાઓ માટે,
જમીનના પ્રમાણ અને સરાસરી હાજરી અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:બબશ-૧૯૯૩-૨૩૯૯-ગ,
સચિવાલય, ગાંધીનગર,

તા: ૧૫/૬/૧૯૯૩

વંચાણે લીધો :-

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર ના તા. ૩/૩/૯૨ ના ઠરાવ ક્રમાંક:બબશ-૧૯૮૯-પં.૬૧૨-૧૫૫-ગ,

ઠ રા વ :-

આમુખમાં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા. ૩/૩/૯૨ના ઠરાવથી ઉત્તર બુનિયાદી શાળાઓ માટે જમીનનું પ્રમાણ નક્કી કરવામાં આવેલ છે. પરંતુ બુનિયાદી શાળાઓ નિયત કરેલા ધોરણ અનુસારની જમીન ધરાવતી નથી, આમ શાળાઓ તેઓની અપુરતી જમીનને કારણે એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત દ્વારા ઓડીટ વાંધા ઉપસ્થિત કરવામાં આવેલ છે. અને આ કારણસર સંસ્થાઓની ગ્રાન્ટ બંધ થયેલ પરંતુ શિક્ષકોએ નામ. કોર્ટમાં સ્ટે મેળવતા આવી શાળા પાસે જમીન ન હોવા છતાં શાળાના સ્ટાફને આ તબક્કે પૂરેપૂરો પગાર ચૂકવવાનો થાય છે. આમ આ કારણોને ધ્યાને લેતાં આવી શાળાઓનો ઉદ્યોગ બદલીને ચાલુ રાખવાનો પ્રશ્ન સરકારની વિચારણા હેઠળ હતો. પુખ્ત વિચારણાના અંતે આવી અપુરતી જમીન ધરાવતી શાળાઓ કે જેમાં ખેતી ઉદ્યોગ ચાલે છે તે ઉદ્યોગના વિકલ્પે નીચે દર્શાવેલ ઉદ્યોગો દાખલ કરીને આવી શાળાઓ નીચે દર્શાવેલ શરતોને આધિન રહીને ચાલુ રાખવાનું આથી સરકાર ઠરાવે છે.

નવા ઉદ્યોગો.

(૧) હોમસાયન્સ (ગૃહ જીવન વિદ્યા)
(૨) ગ્રામયંત્ર વિદ્યા-ઇલેક્ટ્રોનિક્સ સાથે
(૩) પશુપાલન વિદ્યા,
(૪) વસ્ત્ર વિદ્યા,

(૧) જે ઉત્તર બુનિયાદી શાળાઓ પાસે ઉપર જણાવેલ આ વિભાગના તા. ૩/૩/૯૨ના ઠરાવથી નક્કી થયા અનુસારની અપુરતી જમીન છે તેવી શાળાઓએ ઉપર જણાવેલ ઉદ્યોગ બદલવાનો વિકલ્પ જુન-૯૩ થી આપવાનો રહેશે.

પરંતુ જે શાળાઓ, પાસે અપુરતી જમીન છે. તે શાળાઓ જો ઉદ્યોગ બદલવાનો વિકલ્પ ન સ્વીકારે તો તેવી ઉત્તર બુનિયાદી શાળાઓએ તા: ૩૧/૧૦/૯૩ સુધીમાં આ વિભાગના તા, ૩/૩/૯૨ ના ઠરાવ મુજબ જમીન પ્રાપ્ત કરી લેવાની રહેશે નહીતર આવી શાળાઓની માન્યતા આપોઆપ રદ થશે.

(૨) હોમ સાયન્સ ગ્રામયંત્ર વિદ્યા, પશુપાલન વિદ્યા અને વસ્ત્ર વિદ્યા ઉદ્યોગ માટે માધ્યમિક શિક્ષણબોર્ડે અભ્યાસક્રમ તૈયાર કરવાનો રહેશે.

(૩) ઉદ્યોગ બદલવાને કારણે બુનિયાદી શાળાઓમાં હાલમાં કામ કરતાં ઉદ્યોગ, શિક્ષકોને તેમજ, મદદનીશ શિક્ષકોને નવા, ઉદ્યોગ માટે તાલીમ આપવાની રહેશે અને તાલીમના અંતે તેઓએ પરીક્ષા આપવાની રહેશે. આવી પરીક્ષા વધુમાં વધુ બે પ્રયત્ને પાસ કરવાની રહેશે અને આ દરમ્યાન પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું પણ ફરજીયાત રહેશે. જે શિક્ષકો નવા ઉદ્યોગ માટે તાલીમ લેવાની ના પાડે અથવા તાલીમી શિક્ષક નહી હોય તો તેમને, નોકરીમાંથી છુટા કરવામાં આવશે. એટલું જ નહી પરંતુ તેમને ફાજલ શિક્ષક તરીકે અન્ય કોઇ જગ્યાએ સમાવવામાં પણ આવશે, નહી.

(૪) મુખ્ય ઉદ્યોગ બદલવાના કારણે કોઇ શાળામાં ગૌણ ઉદ્યોગમાં ફેરફાર થાય તો તેની વ્યવસ્થા શાળાએ પોતાને કરવાની રહેશે.

(૫) નવા ઉદ્યોગ ધો.૮,૯, અને ૧૦ એમ ક્રમશ: બદલવાના રહેશે જુન, ૯૩ થી ધો.૮ જુન, ૧૯૯૪ થી ધો.૯ અને જુન, ૯૫ થી ધો.૧૦ તે મુજબ નવા ઉદ્યોગોમાં પરીવર્તન કરવાનું રહેશે.

(૬) જે ઉત્તર બુનિયાદી શાળા વિકલ્પ આપી ઉદ્યોગો બદલે તેવી, શાળાને જમીનનો પ્રશ્ન રહેશે નહી, પરંતુ જે નવો ઉદ્યોગ પસંદ, કરવામાં આવે તે અંગે માધ્યમિક શિક્ષણબોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલ સાધન સામગ્રી અને ભૌતિક સુવિધા સંસ્થાએ પોતે ઉભી કરવાની રહેશે.

(૭) હોમસાયન્સનો ઉદ્યોગ માત્ર કન્યા વિદ્યાલયો ચલાવતી સંસ્થાઓ જ પસંદ કરી શકશે.

(૮) જે ઉદ્યોગ શિક્ષક આ રીતે નવા ઉદ્યોગની તાલીમ લઇ તેના શિક્ષણ માટે સંમત ન થાય તેને વિનિયમ-૩૩ ની જોગવાઇ મુજબ છુટા કરવાની કાર્યવાહી સંચાલક મંડળ દ્વારા કરવાની રહેશે.

(૯) આ રીતના ફેરફારનો અમલ ઉચ્ચતર બુનિયાદી શાળાએ કરવા માટે, કાર્યવાહી ૧૦ ઉત્તાર, ઘટક ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા કરવાની રહેશે.

(૧૦) અપૂરતી જમીન ધરાવતી ઉત્તર બુનીયાદી શાળાઓ જો ઉદ્યોગ બદલવા માટે સંમતી નહીં આપે તો તા. ૩૧/૧૦/૯૩ સુધીમાં સરકારે નક્કી કર્યા મુજબની જમીન પ્રાપ્ત કરવાની રહેશે અને જો શાળા તેમ નહી કરે તો તેમની નોંધણી રદ કરવાની કાર્યવાહી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડે કરવાની રહેશે.

(૧૧) અપૂરતી સુવિધાવાળી શાળાઓએ નિયત મર્યાદામાં વિકલ્પ નહી મોકલવાના કારણે તેને બંધ કરવા માટેની કાર્યવાહી તાત્કાલિક અમલમાં આવે તે રીતે માધ્યમિક શિક્ષણ બોર્ડે કરવાની રહેશે.

(૧૨) આ બાબતોને લગતી વિગતવાર આનુષંગિક સૂચનાઓ ઉચ્ચ શિક્ષણ કમીશનરશ્રી, ગાંધીનગર તરફથી બહાર પાડવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)

( એચ. આર. સોની )

સેકશન અધિકારી,

શિક્ષણ વિભાગ,

પ્રતિ,

રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર, ( પત્ર દ્વારા )
માન. મુખ્યમંત્રીશ્રીના અંગત મદદનીશ
માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,
માન. શિક્ષણ મંત્રીશ્રી રાજ્યકક્ષાના અંગત સચિવશ્રી,
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી; ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
સર્વ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ,
સચિવશ્રી, ગુજરાત રાજ્ય, માધ્યમિક શિક્ષણ બોર્ડ, સચિવાલય, ગાંધીનગર,
મહાલેખાકારશ્રી; ગુજરાત રાજ્ય, રાજકોટ,
પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર/અમદાવાદ,
નિવાસી તપાસણી અધિકારી, ગાંધીનગર,
શિક્ષણ વિભાગની તમામ શાખાઓ,
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ પંચ, પોલીટેકનીક કંપાઉન્ડ,
જુના સચિવાલય, અમદાવાદ (પત્ર દ્વારા)
છ- શાખા / શિક્ષણ વિભાગ, તરફ જાણ સારું
સીલેકટ ફાઇલ, 'ગ' શાખા,